ગુજરાતમિત્ર
# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### માલપુર ગામે વીજબીલ ના ભરતાં MGVCLએ સ્ટ્રીટલાઇટ કનેક્શન કાપી નાખ્યું




**છોટાઉદેપુર** : શિનોર તાલુકાના માલપુર ગામે ગ્રામ પંચાયત દ્વારા બાકી વીજ બિલ ના ભરાતાં શિનોર MGVCL દ્વારા સ્ટ્રીટ લાઈટનું વીજ કનેક્શન કાપી નાખવામાં આવતાં સમગ્ર ગામમાં અંધારપટ છવાઇ જવા પામ્યો છે. એક સમયે રાષ્ટ્રપતિ એવોર્ડ,સ્માર્ટ વિલાજ અને સમરસ ગ્રામ પંચાયતના એવોર્ડ્સથી સન્માનિત કરાયા બાદ સમગ્ર વડોદરા જિલ્લામાં માલપુર ગામ ખુબ જાણીતું બન્યું હતું. ત્યારે વર્ષ 2017માં રૂપિયા 18 લાખ જેટલું બેલેન્સ ધરાવતી શિનોર તાલુકાની માલપુર ગ્રામ પંચાયતનું બાકી વીજ બિલ ના ભરાતાં શિનોર MGVCL દ્વારા સ્ટ્રીટ લાઈટનું વીજ કનેક્શનનું જોડાણ કાપી નાખવામાં આવતાં સમગ્ર ગામમાં છેલ્લા 15 દિવસથી અંધારપટ છવાઇ ગયો છે.ત્યારે છેલ્લા બે વર્ષથી ગ્રામ પંચાયતનું સંચાલન કરતાં વહીવટદારના અંધેર વહીવટ ના કારણે અંધારપટમાં રહેવા મજબૂર બનેલાં સ્થાનિક ગ્રામજનોએ જવાબદાર તંત્ર સામે પોતાનો રોષ ઠાલવ્યો હતો.

### ડભોઈ નગરપાલિકા દબાણ શાખાનો સપાટો : મુખ્ય માર્ગો પર દબાણ હટાવાયા



**ડભોઇ** : ડભોઇ નગર માં પાલિકા ની દબાણ શાખા એ સપાટો બોલાવતા વેપારીઓ માં અફરા તફરી નો માહોલ સર્જાયો હતો. ડભોઈ નગર માં મુખ્ય રોડ પર આવેલ દુકાન માલિકો દ્વારા અવાર નવાર જાણ કરવા છતાં દુકાન ની બહાર અડચણ રૂપ માલ ગોઠવવા માં આવતા તેમજ પથાર કરી ટ્રાફિક નીં સમસ્યા સર્જાય છે.હાલ થોડા દિવસો પહેલા જ ડભોઇમાં ભારત ટોકીઝ થી ટાવર સુધી રસ્તા પહોળા થાય તે હેતુ થી પાલિકા દ્વારા ફૂટપાથ તોડી રસ્તા પહોળા કરવામાં આવ્યા હતા ડભોઇ પાલિકા દ્વારા વારંવાર વેપારીઓ ને સમજાવવા માં આવે છે છતાં અમુક વેપારીઓ પોતાની દુકાન બહાર ખૂબ મોટા પ્રમાણ માં લટકણીયા તેમજ પથારા લગાવે છે જેના કારણે રસ્તા પર દબાણ થાય છે ટ્રાફિક ની સમસ્યા સર્જાય છે.જે ને ભાગરૂપે આજરોજ પાલિકા ની દબાણ શાખા દ્વારા ડભોઇ ના મુખ્ય બજારો છીપવાળ,કાજીવડા,મહુડી ભાગોર,ટાવર ચોક સહિત વિસ્તારો માં સપાટો બોલાવતા દબાણકર્તા તત્વો માં ફફડાટ ફેલાયો હતો.

### ધાનપુરના ટોકરવાના જંગલમાંથી 10 ખેપિયાઓ વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયા




**દાહોદ** : ધાનપુર પોલીસ મથકના પી.એસ.આઇ એન.એન પરમાર તેમજ પોલીસ સ્ટાફના માણસો વિદેશી દારૂને ઝડપી પાડવા માટે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે ટોકરવા ગામે જંગલમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો બાઈક ઉપર વેપલો કરવામાં આવે છે.જે બાતમીની હકીકત કરી પોલીસે જંગલમાં રેડ કરતા મોટરસાયકલ પર વિદેશી દારૂનો જથ્થો લાવતા ખેપિયાઓમાં નાસભાગ મચી હતી.પરંતુ પોલીસે ઘેરો ઘાલી (૧) બળવંતભાઇ બાપુભાઇ જાતે.રાઠવા રહે.ગઢવેલ,રાઠવા ફળીયુ તા.ધાનપુર જિ.દાહોદ તથા (૨) ગોવિંદભાઇ અજમેલભાઇ જાતે. ડામોર રહે.પીપરીયા,માળ ફળીયુ તા.ધાનપુર જી.દાહોદ (૩) કંદ ઉર્ફે કંદોભાઇ અશ્વીનભાઇ જાતે.રાઠવા મુળ રહે.મીઠીબોર તા.જી. છોટાઉદેપુર હાલ રહે.ડભવા તા.ધાનપુર જિ.દાહોદ (૪) ગોવિંદભાઇ પારસીંગભાઇ જાતે.રાઠવા રહે.કઠીવાડા જિ.અલીરાજપુર(એમ.પી.) (૫) કાલુભાઇ ઉદીયાભાઇ જાતે.ઢાકડ રહે.લખાવાટ તા.કઠીવાડા જી.અલીરાજપુર (એમ.પી.) તથા નં.(૬) રાહુલભાઇ માધુભાઇ જાતે. ઢાકડ રહે.લખાવાટ તા.કઠીવાડા જી.અલીરાજપુર(એમ.પી) તથા (૭) ઇશ્વરભાઇ જાગીરીયાભાઇ જાતે.કીરાડ રહે.ગોળઆંબા, તા.કઠીવાડા જી.અલીરાજપુર (એમ.પી) (૮) બાબુભાઇ જાગીરીયાભાઇ જાતે. કીરાડ રહે.ગોળઆંબા, તા.કઠીવાડા જી.અલીરાજપુર(એમ.પી) (૯) અર્જુનભાઇ દરીયાભાઇ જાતે.કીરાડ રહે.ગોળઆંબા, તા.કઠીવાડા જી.અલીરાજપુર(એમ.પી) (૧૦)રાહુલભાઇ દુરસીંગભાઇ જાતે.કીરાડ રહે.ગોળઆંબા, તા.કઠીવાડા જી.અલીરાજપુર(એમ.પી) સહીત 10 ઈસમોની અટકાયત કરી તલાસી દરમિયાન વિદેશી દારૂની 2424 બોટલ કિંમત રૂપિયા 2,92,320 તથા 5.10 લાખ રૂપિયા કિંમતની દારૂની હેરાફેરી કરવા માટે ઉપયોગ માટે લેવાયેલી 10 મોટર સાયકલો મળી કુલ 8,02,320 નો મુદ્દામાલ કબજે કરી 10 લોકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ખનીજ માફિયાઓ બેફામ બન્યા હોવા છતાં તંત્ર કેમ કોઇ કાર્યવાહી કરતું નથી ?

# છોટાઉદેપુર જિલ્લામાંથી બેફામ ચોરાતી રેતી ચેકપોસ્ટ પરથી પસાર કરી અન્ય જિલ્લામાં જતી હોવાની ચર્ચા

**દાહોદ** તરફ કેવડી ખાતેથી રેતી ભરેલા ટ્રેક્ટરો આડેધડ માર્ગો પર દોડે છે



(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,2
છોટાઉદેપુર જિલ્લામાં છ તાલુકાઓમાં થી ઓરસંગ નદીને સાથે કુલ 7 જેટલી નદીઓ આવેલી છે જેમાં બેફામ રેતી ખનન પ્રવૃત્તિ ગેરકાયદેસર રીત ના ચાલતી હોય તેવા ઘણા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જ્યાં લિઝો ફાળવેલ ન હોય ત્યાં પણ ગેરકાયદેસર રેતી કાનન થઈ રહ્યું છે દિવસ આથમતા ની સાથે રહેતી માફિયાઓનો ઉદય થતો હોય છે તંત્ર જ્યાં ઘસઘસાટ નિંદ્રામાં હોય તેવા સમયે ગેરકાયદેસર રેતી ખનન પ્રવૃત્તિ કરતા રેતી માફિયા પોતાનો ધંધો કરી રવાના થઈ જતા હોય છે જ્યારે સવાલ એ થાય છે કે નદીમાં ટ્રેક્ટરના પેંડાના નિશાન તથા રેતી નો જથ્થો રીતસર ખોદેલો જોવા મળતો હોય તે કોણ ખોદી ગયું પરંતુ આ અંગે વર્ષોથી કોઈ પગલા ભરાતા નથી અને રેતી નો કાળો કારોબાર બે રોકટોક ચાલી રહ્યો છે.

છોટાઉદેપુર તાલુકાના ગુંદીયામહુંડા, ગુડા, અલસીપુર, વચલીભીત, ડુંગરભીત, જેવા ગામોમાં નદીમાં ગેરકાયદેસર રેતી ખનન કરવામાં આવતું હોવાની પ્રજા ફરિયાદ કરી રહી છે

ઓરસંગ નદી માં આવેલી રેતીની લીઝો જે કાયદેસર આપવામાં આવી છે જેનાથી સરકારને રોયલ્ટીની આવક ઊભી થાય એ સારી વાત છે પરંતુ ચાલતી ચર્ચાઓ પ્રમાણે આ કાયદેસરની લીઝોની આસપાસ પણ ઘણું રેતી ખનન થઈ રહ્યું છે. માપણી કરાવવામાં આવે તો ઘણું બધું બહાર નીકળે તેમ છે. છોટાઉદેપુર જિલ્લા માંથી પસાર થતી ઓરસંગ નદી માં હવે વધારે રેતી નો જથ્થો રહ્યો નથી માત્ર પથ્થર અને કાંકરા જોવા મળી રહ્યા છે જ્યાં લીઝો આવેલી છે ત્યાં તો ઠીક પરંતુ જ્યાં લીઝ આવેલી નથી ત્યાં પણ રેતી રહી નથી જે બે નંબરી રેતી માફિયાઓને આભારી છે. પરંતુ જિલ્લાની આગેવાની કરતાઓ પણ આ ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિને આજ દિન સુધી અટકાવી શક્યા નથી જ્યારે સામાન્ય પ્રજા હવે કંટાળી ગઈ છે. ગ્રામીણ વિસ્તારોમાંથી થતી રહેતી ચોરી થી ગ્રામીણ પ્રજા

અમારા ગામ ગુંદિયા મહુડા તથા ગુડા, અલસીપુર, વચલીભીત, ડુંગરભીત, જેવા ગામોમાંથી બેફામ ગેરકાયદેસર રેતીખનન પ્રવૃત્તિ થઈ રહી છે, જે ખોટી બાબત છે અમો કેવડી તરફથી હાઇવે ઉપરથી આવતા હોય ત્યાં ચેકપોસ્ટ ઉપર પૂછતાં જણાવ્યું હતું કે ચેકપોસ્ટ ના કર્મીઓએ કોઈ જવાબ આપવાનો ઇનકાર કરી દીધો હતો. આ રેતી ખંનન પ્રવૃત્તિને કારણે નદીઓમાં રેતીના સ્તર ઘટી ગયા છે. અને આવનારા સમયમાં રેતી ખતમ થઈ જતા પાણી ની ઘણી મોટી મુશ્કેલીઓ ઊભી થાય તેવી શક્યતાઓ જણાય છે તેમ જણાવ્યું હતું.-સુખરામભાઈ ગોવિંદભાઈ રાઠવા

પણ થાકી ગઈ છે હવે જ્યારે બેફામ રેતી ખનન પ્રવૃત્તિ કરી રેતીના ટ્રેક્ટરો પસાર થતા હોય તેવા વિડીયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ગેરકાયદેસર રેતી કાનન પ્રવૃત્તિને કારણે છોટાઉદેપુર નગર ને જોડતા બંને બ્રિજ ના પાયા દેખાઈ રહ્યા છે .

જ્યારે ભારે ભરખમ વાહનો પસાર થાય ત્યારે કંપન ઉત્પન્ન થાય છે બ્રિજના 20 ફૂટ સુધી પાયા જોવા મળી રહ્યા છે જે આવનારા દિવસોમાં કોઈ અનિચ્છનીય બનાવ બને તો જવાબદારી કોની એ એક પ્રશ્ન થઈ પડ્યો છે બેફામ રેતીખનન થઈ જવાને કારણે છોટાઉદેપુર ની નદીઓ ની શોભા છીનવાઈ ગઈ છે તંત્ર આ બાબતે મૌન છે એ નવાઈ ભરી વાત છે.

## નસવાડીમાં ઉનાળાના માટલા ફ્રીજનુ વેચાણ વધ્યું

(પ્રતિનિધિ) નસવાડીતા,2
છોટાઉદેપુર જિલ્લાના નસવાડી કવાંટ સંખેડા છોટાઉદેપુર પાવીજેતપુર બોડેલી આમ છ તાલુકા આવેલા છે સૌથી વધુ વસ્તી આદિવાસી સમાજ ની છે અને ગરીબી નું પ્રમાણ વધારે છે જેને લઈને ઉનાળા ની શરૂઆત માં દરેક પરિવાર માટલું નવું ખરીદે છે અને નવા માટલામાં પાણી વધુ ઠંડુ થતું હોવાથી દરેક પરિવાર નવા માટલાનું પાણી પીવે છે છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી કવાંટ પાનવડ બોડેલી તાલુકામાં આજે પણ માટલા બનાવવાના મોટા ગૃહ ઉદ્યોગ થાય છે આ પરિવારો આખા વર્ષ માં માટી ના વાસણો બનાવવાની રોજગારી મેળવે છે પરંતુ ઉનાળા ની શરૂઆત માં માટલા વધુ બનાવવામાં આવે છે અમુક તાલુકાઓમાં માટલા ની અછત આવે તો બીજા તાલુકાઓ



માંથી પણ માટલા ખરીદવામાં આવે છે જયારે નસવાડી બોડેલી રોડ ઉપર ખોડિયા ગામે પાંચ જેટલા પરિવારો આખું વર્ષ માટલા બનાવે છે અને તેઓના માટલા સુરત અને વડોદરા જેવા શહેરો માં પણ જાય છે પરંતુ હવે ટ્રાન્સ્પોટેશન મોંઘુ થતા આ પરિવારો ને માટલા બનાવી ને જીવન ગુજારવું પણ મુશ્કેલ થઈ ગયું છે.

## ધાનપુરના ખોખરા ગામે ખેતરમાં ઘઉં કાઢવા બાબતે મારામારી

(પ્રતિનિધિ) દાહોદ,તા,2
ધાનપુરના ખોખરા ગામના વાવ ફળિયામાં રહેતા વજેસિંહ પ્રતાપભાઈ બારીયા તથા તેની પત્ની વિલાસબેન બારીયા ગતરોજ સાંજના ચારેક વાગ્યાના સુમારે પોતાના ખેતરમાં થ્રેસરથી ઘઉં કઢાવી પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે વખતે તેમના ભત્રીજા રાકેશ હિંમતભાઈ બારીયાએ રસ્તામાં રોકી, તું અમોને જમીનમાં સરખા ભાગ કેમ પાડી નથી આપતો ? તેમ કહી ગાળો બોલતા વજેસિંહ ભાઈએ તેને ગાળો બોલવાની ના પાડતા રાકેશ હિંમતભાઈ બારીયા એકદમ ઉશ્કેરાયો હતો. અને તેના કાકા વજેસિંહભાઈને ગડદાપાટુનો માર મારી તથા કાકી વિલાસબેનને જમણા હાથની બે આંગળીઓ વચ્ચે દાતરડું મારી લોહી લુહાણ કરી ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે હિંમતભાઈ બારીયા, અલકેશ બારીયા તથા અશ્વિન બારીયાએ ભેગા મળી ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી હતી.

## સેગવા ગામે રીંગણના પોષણક્ષમ ભાવ ન મળતાં ખેડૂતો રસ્તા પર રીંગણ નાખવા મજબૂર બન્યા



શિનોર તાલુકાના સેગવા ગામે રહેતા ખેડૂત કમલેશભાઈ પટેલે સારા ભાવ ની આશાએ પોતાના 4 વીંઘાના ખેતરમાં મોંઘાદાટ બિયારણ,દવા અને ખાતર લાવીને મહા મહેનતે રીંગણની ખેતી કરી હતી.જો કે હાલમાં શાક માર્કેટમાં 1મણ રીંગણ નો ભાવ માત્ર 20 કિલો બોલાઈ રહ્યો છે.જે મજૂરી ખર્ચ કરતાં ખૂબ જ ઓછો હોય ખેડૂતોને પોષાય તેમ નથી.જેથી ખેડૂતો ખેતરમાંથી રીંગણ તોડાવી શાક માર્કેટ મોકલવાના બદલે રસ્તા પર નાખવા મજબૂર બન્યાં છે.ત્યારે સારા ભાવ ની આશાએ આ વર્ષે રીંગણ ની ખેતી કરનાર ખેડૂતોની હાલત અંત્યત કફોડી બનવા પામી છે.

### એસ બી સોલંકી વિદ્યામંદિર હાઈસ્કૂલ પાસે જ રોગચાળાની દહેશત

## નસવાડીમાં વોટરવર્કસની લાઈનમાં ભંગાણ, ગટરનુ પાણી બહાર આવ્યું

(પ્રતિનિધિ) નસવાડી,તા,10
નસવાડી જૂથ ગ્રામ પંચાયત દ્વારા અલગ અલગ વિસ્તારો માં પીવાના પાણી ની લાઈન દ્વારા ઘરે ઘરે પાણી પૂરું પાડવામાં આવે છે જયારે એસ બી સોલંકી વિદ્યામંદિર પાસે નસવાડી જૂથ ગ્રામ પંચાયત ની વોટરવર્કસ ની લાઈન લીકેજ છે અને તેમાંથી પાણી બહાર આવે છે નજીક માં એસ બી સોલંકી વિદ્યામંદિરના ગેટની નજીક માં ગટરનું દુષિત પાણી નો નિકાલ થતો નથી જેના કારણે ગટર નું દુષિત પાણી ભરાઈ રહે છે વોટરવર્કસની લાઈન લીકેજ હોવાથી આ ગટરનું દુષિત પાણી જો વોટરવર્કસ ની લાઈનમાં ભેગું થઈ જાય તો મોટો



રોગચાળો ફેલાઈ શકે તેમ છે જયારે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને આ જ લાઈન માંથી પાણી પૂરું પાડવામાં આવે છે બાળકોના સ્વાસ્થ્ય ની પણ ગ્રામ પંચાયતના સત્તાધીશો ચિંતા કરતા નથી વોટરવર્કસ ની લાઈન રીપેર કરાવવામાં ગ્રામ પંચાયત નિષ્કાળજી રાખતા થોડા દિવસો પહેલા સંખેડા તાલુકાના સુંદરપરા ગામે વોટરવર્કસની લાઈન માં દુષિત પાણી ભળી જતા 74 લોકો ને ઝાડા ઉલ્ટી થયા હતા તે ઘટનાનું બનેલી ઘટના નું પૂર્ણાવર્તન નસવાડી માં ના થાય તે માટે તાલુકા વિકાસ અધિકારી ધ્યાન આપે તે જરૂરી બન્યું છે હાલ તો વોટરવર્કસ ની લાઈન માં પાણી લીકેજ થઈ રહ્યું છે તેના માટે ગ્રામ પંચાયત વહેલી ટકે રીપેરીંગ કરાવે તે જરૂરી બન્યું છે

બોક્સ મહેશભાઈ તલાટી ના જણાવ્યા મુજબ એસ બી સોલંકી વિદ્યામંદિર પાસે વોટરવર્કસ ની લાઈન માં ભંગાણ થયલું છે તેને રીપેર કરવા માટે કર્મચારીઓને સૂચના આપી છે.

## છોટાઉદેપુરમાં પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડા થયાનો આક્ષેપ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,2
પ્રજાના સ્વાસ્થ્ય સાથે કરવામાં આવતા ચેડા નો આક્ષેપ. છોટાઉદેપુર જિલ્લામાં ખાદ્યતેલના ડબ્બા ઉપર પામોલિન આર બી ડી ઉપર કપાસના લેબલો લગાડવામાં આવતા હોય અને પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવતા હોવાનો આક્ષેપ વેપારી કિરીટકુમાર રતિલાલ શાહે કર્યો છે.

આ અંગે કિરીટભાઈ એ અગાઉ કલેક્ટરમાં તથા લાગતા વળગતા અધિકારીઓમાં એક અરજી પણ આપી છે. અને વહેલી તપાસ થાય તે અંગે માંગ કરી છે. જ્યારે મીડિયા સમક્ષ પણ રજુઆત કરી હતી. સદર તેલ માનવ શરીર સાથે ચેડા થઈ રહ્યા હોય ખાદ્ય વસ્તુ કેમિકલ તથા ફિલ્ટર કરીને તેલ આવે છે.

## નસવાડીના આમરોલીમાં કેનાલમાંથી મગર બહાર આવતા ફફડાટ

(પ્રતિનિધિ) નસવાડી,તા,2
નસવાડી તાલુકા માંથી નર્મદા મેઈન કેનાલ પસાર થાય છે અને આમરોલી ગામ પાસે મેઈન કેનાલ ના પાણી માંથી 10 ફૂટ લાંબો મગર કેનાલ માંથી બહાર આવ્યો હતો આ મગર બહાર આવતા આ રસ્તા ઉપર થી પસાર થતા એક રાહધારીએ સમય સુચકતા વાપરીને કેનાલમાં નજીકમા કપડાં ધોતી મહિલાઓને તેમજ યુવાનો કેનાલ માં સ્નાન કરી રહ્યા હતા.

તેઓને મગર ની જાણ કરતા લોકો નાસભાગ મચાવી હતી ત્યારે નર્મદા ની મેઈન કેનાલ માં દિવસે દિવસે મગરો વધી રહ્યા છે તેની પાછળ નું મુખ્ય કારણ નર્મદા ડેમ નજીક એક જાળી મારવામાં આવેલ છે અને કેનાલ ના મગરો પહેલા નર્મદા ના



તળાવ માં જતા રહેતા હતા પરંતુ હવે કેનાલ ના મગરો કેનાલ ના પાણી માં ફરી શકે છે જેના કારણે મગરો ની સંખ્યા માં વધારો થયો છે ત્યારે કેનાલ ના કિનારે વસેલા ગામો ઉનાળા ના સમય માં યુવાનો કેનાલ માં સ્નાન કરવાની મજા લૂંટે છે પરંતુ આ યુવાનો માટે મગર ની વસ્તી માં વધારો થતા ખતરા ની ઘંટી સમાન છે

### ફાયર ફાયટરની ટીમે આવી પાણીનો મારો ચલાવ્યો

## છોટાઉદેપુર તાલુકાના કોલીગામ ખાતે રહેણાંક મકાનમાં આગ લાગતા ઘર વખરી સામાન બળીને ખાક થયો

(પ્રતિનિધિ) છોટઉદેપુર,તા,2
છોટાઉદેપુર તાલુકામાં આવેલ આત્રોલી ગ્રામ પંચાયતના કોલીગામ ખાતે સીમલફળિયા માં રહેતા રાઠવા ચંદુભાઈ ભુનાભાઈ ના મકાનમાં ગતરોજ તા 1/4/24ના આકસ્મિક આગ લાગી હતી. રહેણાંક મકાનમાં આગ લાગતા નાસભાગ મચી જવા પાપી હતી. આ અંગે છોટાઉદેપુર ફાયરફાયટર ને જાણ કરવામાં આવતા યુવરાજસિંહ ગોહિલની



ટિમ ઘટના સ્થળે પોહચી ગઈ હતી. અને સંપૂર્ણપણે આગ ઉપર કાબુ મેળવ્યો હતો. સદ નસીબે આગથી કોઈને ઈજાઓ થઈ કે હાની પોહચી ન હતી. પરંતુ ઘરવખરી સમાન બળીને ખાખ થઈ ગયો હતો. છોટાઉદેપુર ના આત્રોલી પાસે આવેલ કોલીગામ ના સીમલફળિયામાં રહેતા રાઠવા ચંદુભાઈના કાચા પતરાવાળા મકાનમાં આકસ્મિક રીતે ભીષણ આગ લાગી હતી. જેને પુરા પ્રેસરથી ફાયરટીમ દ્વારા બુઝાવવાનો પ્રયત્ન કર્યો હતો. મકાનમાં રહેલો એલ પી જી સિલિન્ડર ભરેલો હોય જેને રિકવર કરી ફાયર ફાયટરની ટીમે આગ બુઝાવી હતી.

### સુગર ફેક્ટરીના સંચાલકો દ્વારા ૮ કરોડની ઉચાપતનો મામલો

## લઢોદ સુગર ફેક્ટરીના ઉચાપત કેસમાં 26 આરોપીઓને નિર્દોષ જાહેર કરાયા

(પ્રતિનિધિ) નસવાડી,તા,2
છોટાઉદેપુર જિલ્લાની લઢોદ સુગર ફેક્ટરીના સંચાલકો દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન ઓડિટમાં લઢોદ સુગરમાં ઉત્પન્ન થતી ખાંડ કોવોટા કરતા વધારે વેચાણ કરી મેન્જિંગ ડાયરેક્ટર, મંડળના સભ્યો, સંચાલકો મળી કુલ ૨૬ વ્યક્તિઓ સામે રૂપિયા આઠ કરોડની ઉચાપત કરી હોવાની ફરિયાદ શ્રી સરકાર દ્વારા કરાઈ હતી જેનો કેસ ચાલી જતા પંદર વર્ષ બાદ છોટાઉદેપુરની નામદાર ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના નામ.ચીફ જ્યુડીશીયલ મેજીસટ્રેટ, અતુલ કુમાર દ્વારા સચોટ પુરાવાના અભાવે તમામે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. આરોપી પક્ષના વકીલ મુજબ સમગ્ર કેસ રાજકીય વેરવૃત્તિથી પ્રેરાઈને થયો હતો કોર્ટે ન્યાય આપ્યો છે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના લઢોદ ખાતે સુગર ફેક્ટરી માં શેરડી વેચનાર ખેડૂતો ને 8 કરોડ ની રકમ સરકાર ચૂકવાતી નથી સુગર ફેક્ટરી વેચી નાખીને સરકારે નાણાં જમા કરી દીધા જયારે છેલ્લા 15 વર્ષ થી ખેડૂતો ના શેરડીના 8 કરોડ રૂપિયા આપવામાં અખાડા કરાય છે.